Received on : 29-01-2026
Registered on : 29-01-2026
Decided on : 07-03-2026
Duration : Y M D
- 01 07

## જૂનાગઢના મે. છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૮૫/૨૦૨૬.**

આંક–

**અરજદાર/આરોપી.** તારીકભાઈ કાદરભાઈ શેખ,
ઉ.વ.આ.૪૭, ધંધો–વેપાર, ધર્મે–મુસ્લીમ,
રહે. જૂનાગઢ, સુન્ની બોરવાડ,
મુ. જૂનાગઢ, તા.જી. જૂનાગઢ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ અન્વયે પાસપોર્ટ રીન્યુ કરવા પરમીન આપવા અંગે.

**ગુન્હો :–** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૪૫૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ એ–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૦૨૪૦૨૨૦/૨૪.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી એમ.એચ.બાસઠીયા.
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. એડી. પી.પી.શ્રી એમ.પી.વાઘેલા.

---

**–: ઠ રા વ :–**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીને જૂનાગઢ એ–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૦૨૪૦૨૨૦/૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭, ૩૨૬, ૪૫૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૫૦૪,૫૦૬(૨) તથા

જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે શરતોને આધિન જામીન મુકત થયેલ હોય અરજદાર/આરોપીને હજયાત્રા માટે મકકા મદિના જવાનુ હોય પાસપોર્ટ કઢાવવા પરવાનગી આપવા અરજ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. મદદનીશ સરકારી વકીલશ્રી એમ.પી.વાઘેલાનાઓ હાજર થયેલ છે અને આંક–૬ થી તપાસ કરનાર અમલદાર વી.જે.સાવજ, પ્રો.પોલીસ ઈન્સ્પેકટર, એ–ડીવીઝન પો.સ્ટે.જૂનાગઢનાઓનો અભિપ્રાય રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રી એમ.એચ.બાસઠીયા નાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, અરજદાર /આરોપી સામે નોંધાયેલ ગુન્હા સબબ જામીન મુકત થયેલ હોય અને હાલ અરજદાર/ આરોપીને હજયાત્રા માટે મકકા મદિના જવાનુ હોય અને સદરહુ ગુન્હાનો કેસ પેન્ડીંગ હોય તે કોર્ટની પરવાનગી મેળવવી જરૂરી હોય જેથી અરજદાર/ આરોપીને પાસપોર્ટ કઢાવવા પરવાનગી આપવા અરજ કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી. શ્રી એમ.પી.વાઘેલા નાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, અરજદાર/ આરોપી સામેનો સેશન્સ કેસ નં. ૬૩/૨૪ થી આપ સાહેબશ્રીની અદાલતમાં પેન્ડીંગ છે અને જો અરજદાર/આરોપીને પાસપોર્ટ કઢાવવા પરવાનગી આપવામાં આવશે તો નાસી–ભાગી જશે તેમજ મુદૃતે હાજર રહેશે નહીં અને ગુન્હો દાખલ થયા બાદ પણ અરજદાર /આરોપી ત્રણ માસ સુધી નાસતા–ફરતા રહેલા છે અને ગુન્હાના મુખ્ય આરોપી છે જે તમામ હકીકતે અરજદાર/આરોપીની હાલની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી, તપાસ કરનારનો અભિપ્રાય તેમજ રજુ કરેલ દસ્તાવેજી આધારો ધ્યાને લીધાં. અરજદાર/

આરોપીએ સામે નોંધાયેલ  જૂનાગઢ એ–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૩૦૨૪૦૨૨૦/૨૪, ભારતીય દંડ સંહિતાની  કલમ– ૩૦૭, ૩૨૬, ૪૫૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબ અરજદારને નામદાર ગુજરાત હાઈકોર્ટે ફોજ.પરચુ. અરજી નં.– ૧૨૩૦૬/૨૪ ના કામે  શરતોને આધિન રેગ્યુલર જામીન મુકત  કરેલ છે. ગુન્હાનો સેશન્સ કેસ ૬૩/૨૪ પેન્ડીંગ છે.  વધુમાં હાલના કામના અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે અને તેઓ જામીન ઉપર મુકત થયા બાદ  નાસી ગયેલ નથી અને તેઓ તમામ શરતોનું પાલન કરવા ખાત્રી આપે છે. જેથી અરજદાર ટ્રાયલ દરમ્યાન હાજર રહે તે સંબંધે અન્ય શરતોને આધીન અરજી મંજુર કરવી ન્યાયી જણાય છે. આમ, અરજદારની હાલની અરજીની હકીકત તથા રેકર્ડ ઉપર રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પૈકી પાસપોર્ટ ઓફીસ અમદાવાદનો પત્ર ધ્યાને લેતા કોર્ટની પરવાનગી લેવી આશ્વક હોવાનુ જણાઈ આવતુ હોય અને અરજદાર/આરોપીને  હજયાત્રા માટે મકકા મદિના જવાનુ હોય જેથી પાસપોર્ટની જરૂરીયાત હોવાની હકીકતને સમર્થન મળે છે તેથી અરજદાર/ અરોપીને નવો પાસપોર્ટ કઢાવવા પરવાનગી આપવાનું ન્યાયોચીત જણાતુ હોય જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદાર તારીકભાઈ કાદરભાઈ શેખ,રહે. જૂનાગઢ, સુન્ની બોરવાડ, મુ. જૂનાગઢ, તા.જી.જૂનાગઢવાળાની શરતોને આધીન પાસપોર્ટ મેળવવાની હાલની અરજી આથી ''મંજુર'' કરવામાં આવે છે.

વધુમાં પાસપોર્ટ ઓથોરીટીએ તેઓને નિયમોનુસારની જરૂરીયાતો તથા શરતો પુરી થતી હોય તો અરજદાર/આરોપી સામે અત્રેની કોર્ટમાં સેશન્સ કેસ નં.૬૩/૨૦૨૪ પેન્ડીંગ હોવાના કારણસર પાસપોર્ટ કાઢી આપવાની કાર્યવાહી

અટકાવવી નહી.

**<u>શરતો:</u>**

(૧) આ કામના અરજદાર/આરોપીએ અત્રેની કોર્ટમાં રોકડ રકમ રૂા.૧૫,૦૦૦/– જામીનગીરી પેટે દિન–૧૫ માં જમા કરાવ્યેથી જ અરજદારને નવો પાસપોર્ટ કઢાવવા માટે પરવાનગી આપવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ પાસપોર્ટ આધારે વિદેશ જવા વિઝા મેળવતા પહેલા અત્રેની અદાલતની પરવાનગી મેળવવાની રહેશે.

(૩) અરજદાર/આરોપીએ પાસપોર્ટ ઈસ્યુ થયા બાદ પાસપોર્ટ અત્રેની કોર્ટમાં જમા કરાવવાનો રહેશે.

(૪) અરજદાર/આરોપીએ હુકમની જાણ પાસપોર્ટ ઓથોરીટીને તેના ખર્ચે કરવી અને તેની જાણ કર્યાનો આધાર પાસપોર્ટ મેળવતા પહેલા લેખીતમાં આ કોર્ટમાં રજુ કરવો.

(૫) અરજદાર/આરોપીનાઓએ અસલ પાસપોર્ટ અત્રેની કોર્ટમાં જમા કરાવ્યેથી તેઓએ જમા કરાવેલ ઉપરોકત ડીપોઝીટની રકમ પરત મેળવવા તેઓ હકકદાર રહેશે.

હુકમ આજ તા. ૦૭ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.

તા. ૦૭–૦૩–૨૦૨૬

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)